ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

માનવી બહુ સ્વાર્થી છે
કોઈને પસંદ કરે
તો અવગુણ જોતો નથી
નફરત કરે તો
ગુણ જોતો નથી

## જન્મદિને વધામણી



ભૂમિ દેવેન્દ્રકુમાર પરમાર

### ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં

# કેમ્બ્રિજ યુનિવર્સીટી અંતર્ગત સેમિનારનું આયોજન કરાયું



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં કેમ્બ્રિજ યુનિવર્સીટી અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રી-પ્રયમરી વિભાગના વાલીઓને કેમ્બ્રિજમાં પ્રી-પ્રાયમરી પછી બાળકોમાં આવતી જાગરૂતા અંગે શિક્ષક દ્વારા વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આમાંથી લેવાતા શિક્ષણ દ્વારા ધોરણ-૧થી ૪નાં બાળકોને વિદેશ તેમજ ભારતમાં ઘણા બધા ક્ષેત્રોમાં આગળ વધવાની તક પૂરી પાડે છે, તે બાબતમાં વાલીગણે પણ વિશેષ રસ દાખવ્યો હતો.

# એસ જી સ્કૂલના વિદ્યાર્થીઓ કૃષ્ણા કોન્ટેસ્ટમાં ઝળક્યા





એસ જી અંગ્રેજી માધ્યમ અંગ્રેજી શાળાના મલ્ટીપર્પઝ હૉલમાં કૃષ્ણા કોન્ટેસ્ટ દ્વારા યોજાયેલ પ્રશ્નોતરી સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધામાં ગાંધીનગર અને અમદાવાદની શાળાઓના ૧૩૦૦૦ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધો -૮ડીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી રુદ્ર ડાભીએ આ સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબર લાવીને ૩૦,૦૦૦નું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત ધો-૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ગૌતમ યાદવ, ધો-૬ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સાનિયા સુરતી, ધો-૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી જિજ્ઞેશ યાદવે શાળા લેવલે પ્રથમ નંબર પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષકા વૈભવી નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર તેમજ આચાર્ય મિલી સિંધે વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન આપ્યા હતા.

# રાજ્યમાં ડિપ્લોમા કરતાં ડિગ્રી ઈજનેરીમાં વધુ બેઠકો ખાલી રહી

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં ડિપ્લોમા અભ્યાસક્રમની કુલ ૬૬,૭૧૫ બેઠકો છે. એમાંથી વર્ષાન્તે ૩૪થી ૪૦ ટકા બેઠકો ખાલી રહે છે. એવી જ રીતે ઈજનેરીમાં ડિગ્રી અભ્યાસક્રમમાં સરકારી કે અનુદાનિત કોલેજોમાં ઓછી ફીના કારણે માંડ ૨થી ૫ ટકા બેઠકો જ ખાલી રહે છે. જ્યારે ડીગ્રી ઈજનેરીની સ્વનિર્ભર કોલેજોમાં ખાલી બેઠકોનું પ્રમાણ ૫૨થી ૫૫ ટકા જેટલું છે. વિધાનસભામાં ધારાસભ્યો દ્વારા પૂછાયેલા લેખિત પ્રશ્નોના મંત્રીઓ દ્વારા અપાયેલા લેખિત જવાબોમાંથી આ બાબત સ્પષ્ટ થવા પામી છે.

રાજ્યમાં સરકારી, અનુદાનિત કે સ્વનિર્ભર ડિપ્લોમા કોલેજોમાં કુલ ૬૬,૭૧૫ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. આમછતાં ગત ૨૦૧૬-૧૭ના વર્ષમાં તેમાંથી ૪૩,૯૧૮ જેટલી બેઠકો ભરાઈ હતી અને ૨૨,૩૪૧ બેઠકો ખાલી રહેવા પામી હતી એટલે કે, ડિપ્લોમા અભ્યાસક્રમમાં કુલ ૩૪ ટકા અર્થાત ૨૨,૩૪૧ બેઠકો ખાલી રહી હતી. ૨૦૧૭-૧૮ના વર્ષમાં કુલ ૬૬,૭૧૫ બેઠકોમાંથી ૪૦,૧૪૩ બેઠકો ભરાઈ હતી અને ૪૦ ટકા એટલે કે, ૨૬,૫૭૨ બેઠકો ખાલી રહી હતી. આમ રાજ્યમાં ડિપ્લોમા અભ્યાસક્રમમાં ૩૪થી ૪૦ ટકા બેઠકો ખાલી રહે છે. રાજ્યમાં ૨૦૧૬-૧૭માં સરકારી ઈજનેરી ડીગ્રી કોલેજોની કુલ ૮૯૭૦ બેઠકોમાંથી ૫ ટકા એટલે કે, ૪૫૫ બેઠકો ખાલી રહી હતી.

# સારાંશ ફાઉન્ડેશન દ્વારા ઑટિઝમ ડેની ઉજવણી



ગાંધીનગર, તા. ૨

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર કૅમ્પસ સ્થિત સારાંશ ફાઉન્ડેશન વિશિષ્ટ બાળકો માટે સંયોજિત શાળાશિક્ષણ આપવાનું કાર્ય કરે છે. 'વર્લ્ડ ઑટિઝમ ડે' નિમિત્તે વિશિષ્ટ બાળકો તથા સારાંશ ફાઉન્ડેશનના શિક્ષકો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

આ નિમિત્તે શાળાનાં ડિરેક્ટર રાની ચૌધરી, આચાર્ય અતનુ રથ અને મનોબીના ચક્રોબર્તીએ વિશેષ હાજરી આપી હતી.

આ પ્રસંગે બાળકોને વર્ષ દરમિયાન 'બેસ્ટ આઉટ ઑફ ધી વેસ્ટ' વસ્તુઓની ટ્રેનિંગ આપવામાં આવી હતી, તેના ભાગરૂપે બાળકોએ બનાવેલ પેપર બેગ, આર્ટીફિશીયલ જ્વેલરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. વ્યાવસાયિક પ્રશિક્ષણના વિશિષ્ટ શિક્ષણનું આ બાળકોને વર્ષભર સ્વનિર્ભર બનાવવા માટે સારાંશ ફાઉન્ડિશન દ્વારા નિરંતર શિક્ષણ આપવામાં આવે છે.

### પુસ્તક પરબમાં નવો પ્રયોગ કરાયો

# પુસ્તક સાથે પક્ષીનો માળો અપાયો





## આ વખતની પુસ્તક પરબમાં ૧૭૭ પુસ્તકો અને ૧૯૦ મૅગેઝીન ભેટમાં અપાયાં અને ૭૪૯ જેટલાં પુસ્તકો દાન તરીકે પ્રાપ્ત પણ થયાં

ગાંધીનગર, તા. ૨

એપ્રિલ માસના પ્રથમ રવિવારે યોજાયેલી પુસ્તક પરબમાં આ વખતે પક્ષીનો માળો પણ ભેટ અપાયો હતો. આ વખતની પુસ્તક પરબમાં ૧૭૭ પુસ્તકો અને ૧૯૦ મૅગેઝીન ભેટમાં અપાયાં હતાં તો ૭૪૯ જેટલાં પુસ્તકો દાન તરીકે પ્રાપ્ત પણ થયાં હતાં.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા યોજાતી પુસ્તક પરબ પ્રજ્ઞાબેન પટેલની અધ્યક્ષતામાં યોજાય છે. જેમાં આશા સરવૈયા, કિશોર જીકાદરા, સંજય થોરાત, અશોક ત્રિવેદી, રોહા પરમાર, રણછોડ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, દિશાન્ત ગર્ગ, સ્વાતિ શુક્લ, ધાર્મિક પટેલ, નિનાદ ભટ્ટ વગેરે સ્વયંસેવકો જોડાય છે.

એપ્રિલ મહિનાના પ્રથમ રવિવારે યોજાયેલી પુસ્તક પરબમાં અવનવાં પુસ્તકો જોવા મળ્યાં હતાં. આ વખતે બે પુસ્તક અને બે મૅગેઝીન સાથે 'ચકલી ઘર' પણ સૌને મફત આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે પુસ્તક પરબ ગુણવત્તાસભર પુસ્તકો આપવા ને લેવા માટે પણ ખુલ્લી છે.

# જીટીયુની પ્રથમ સૅમેસ્ટરની પરીક્ષામાં સૅફોની ઈન્સ્ટીટ્યુટ ઝળકી





ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર ઝોનની સુવિખ્યાત ઈજનેરી કોલેજ 'સેફોની ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી - એસપીબી પટેલ એન્જીનિયરીંગ કોલેજે' ફરી એકવાર જ્વલંત સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી 'વિન્ટર-૨૦૧૭'ની પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાઓમાં સેફોની કોલેજે સમગ્ર ગુજરાતની ૧૦૫ ઈજનેરી કોલેજોમાં ૧૧મું સ્થાન અને ગાંધીનગર ઝોનની ૨૭ કોલેજોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

સેફોની કોલેજનાં પ્રિન્સિપાલ સુ.શ્રી ચિત્રલેખા નાહરની એક યાદીમાં જણાવાયું છે કે, કોલેજના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓની મહેનત અને સંસ્થાના મેનેજમેન્ટના સતત પ્રોત્સાહક વલણના ફળસ્વરૂપ આ ઝળકતી સિદ્ધિ હાંસલ થઈ શકી છે.

પરિણામની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે, કોલેજની સિવિલ અને કોમ્પ્યુટર વિદ્યાશાખાઓએ સમગ્ર ગાંધીનગર ઝોનમાં પ્રથમ, ઓટોમોબાઈલ, મિકેનિકલ અને આઈટી વિભાગોએ દ્વિતિય અને ઈસી વિભાગે તૃતીય રેન્ક હાંસલ કર્યો છે.

ઉપરોક્ત સિદ્ધિ બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રિયેશભાઈ દલાલે તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને બિરદાવી અભિનંદન આપ્યા હતા.

# હસી શકનારની ખુશીમાં આત્મવિશ્વાસનો શ્વાસ હોય છે



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

બ્રહ્માંડમાં ત્રણ વસ્તુઓ ક્યારેય નષ્ટ થતી નથી, આત્મા, જાગૃતિ અને સ્મિત. હાસ્ય એક યુનિવર્સલ સત્ય છે. દુનિયા સ્મિત કરવાવાળાઓની છે. ભલભલી મુશ્કેલીઓ હસતાં હસતાં હળવી કરી શકાય છે. થાકેલાઓ માટે મુસ્કાનભર્યો એક ચહેરો વિશ્રામનું ઉત્તમ સ્થાન છે. ઉદાસીના અંધકારમાં પટકાયેલા માટે હસતો ચહેરો સૂર્યના પ્રકાશ જેવો છે. કષ્ટ સામે પ્રકૃતિનો સર્વોત્તમ ઉપહાર એટલે મુસ્કાન. કાળા ડિબાંગ અંધારા તરફથી ઉજજવળ પ્રકાશ તરફ લઈ જવાનો મજબૂત રાજમાર્ગ સ્મિત છે. તકલીફ માત્ર એટલી જ છે કે, હસીને, આનંદ કરીને અને મોજ કરતા લોકો વચ્ચે કેટલાક સોગીયાઓ પણ આવી ચડ્યા છે.

દસ બાર વર્ષનો કિશોર સાયકલ ઉપર જઈ રહ્યો હતો. ચાર રસ્તાના નાકે છોકરાઓનું ગ્રુપ ઉભું હતું. આ કિશોર છોકરાઓ સામેથી સાયકલ પર પસાર થતો હતો અને ખાડામાં વીલ આવતાં એ ઉંધે માથે પટકાયો. એને પડતાં જોઈને પેલા છોકરાઓનું ગ્રુપ પહેલાં તો ઉપહાસપૂર્વક હસ્યું પણ પછી બીજી જ ક્ષણે આ છોકરાઓ સામે સ્માઈલ સાથે કિશોરે કહ્યું, 'ખરી ગુલાટ ખાધી નહીં...?', પેલા છોકરાઓ ઉપર પણ આની જાદુઈ અસર થઈ. દોડીને તેને ઊભો કરીને પુછવા લાગ્યા, ' દોસ્ત વાગ્યું તો નથીને !'. સાયકલ ઠીકઠાક કરી એને રવાના કર્યો. એક સ્માઈલીંગ ફેસથી આખી ઘટનાને સરસ વળાંક મળ્યો. નકારાત્મકતા હકારાત્મકતામાં પરિવર્તિત થઈ ગઈ. જે વ્યક્તિ પોતાની પર હસી નથી શકતી એક્યારેય એની આસપાસનું વાતાવરણ સરળ કરીને સત્યને નથી પામી શકતી. માણસ પૈસા રળવા અનેક વ્યવસાયો કરે છે. એમાં ક્યારેક ખોટ તો ક્યારેક નફો હોય છે. દુનિયામાં બે વસ્તુના વેપારમાં માત્ર ફાયદો જ ફાયદો છે. એક મુસ્કાન અને બીજું કોઈના માટે દુઆ. જીવન ખૂબ નાનું છે. સ્મિત ઉપર સવારી કરીને જિંદગી જીતી જવાય છે. જીવનમાં જે ઈચ્છો એ મેળવી લેવા માટે પરિશ્રમ, નિષ્ઠા અને સ્મિત રૂપી ત્રણ આંકાવાળી માસ્ટર કી હમેશા સાથે રાખવી જોઈએ.

એક મિત્ર શાકમાર્કેટમાં શ્રીમતીજી સાથે શાક લેવા માટે ગયા. બહાર ગાડીમાં બેઠા બેઠાં, શ્રીમતી શાક ખરીદીને આવે ત્યાં સુધી રાહ જોતા હતા. ફૂટપાથ ઉપર રમતી એક ચારપાંચ વર્ષની છોકરીને એ મિત્ર નીહાળતા સમય પસાર કરતા હતા. એવામાં છોકરીની પાછળથી એક આખલો દોડતો આવતો એમણે જોયો. છોકરીની પીઠ હતી એટલે છોકરીને આખલાની ખબર ન પડી. પણ આ મિત્રએ એક પળમાં ગાડીનો દરવાજો ખોલી ફૂટપાથ પર ધસી જઈ, છોકરીને ઊંચકીને આખલાના માર્ગમાંથી એને દૂર લઈ લીધી. નાનકડી છોકરીને આ ઘટનામાં કશી સમજ તો ન પડી પણ પેલા ભાઈ સામે નિર્મળ હસીને બોલી. 'અંકલ, જોરદાર આખલો હતો...' એક પળ માટે પણ કોઈના મુખ ઉપર સ્મિત લાવવાનું કારણ બની શકાય તો એનાથી ઉત્તમ બીજો કોઈ આનંદ ન હોઈ શકે. જે દિવસે ઓછામાં ઓછું દસ વાર ચહેરા ઉપર સ્મિત નથી આવતું તો સમજી લેવું પડે કે, આજે ઈશ્વરે આપણો ખૂબ મોટો ઉપહાસ કર્યો છે. જે વ્યક્તિ સતત દિવેલ પીધેલા મોઢે ફરતો હોય, જે હંમેશા રોદણાં રોતો હોય એને જીવન સાથે કોઈ સંબંધ નથી. જીવન તો હસતાં ગાતાં ફૂલ જેવું હોવુ જોઈએ. જનમ્યા છીએ એટલે હસતા કે રોતા જીવવાનુ તો છે જ. તો પછી શા માટે હસતા, ગાતા અને નાચતા ન જીવીએ. લોકોમાં વિશ્વાસ પેદાનો ઉત્તમ માર્ગ સ્મિતના સ્ટેશનથી જ શરૂ થાય છે.

સ્માઈલ એક એવી બાબત છે કે, તમારી પાસે થોકબંધ માત્રામાં હોય તો તમે ઈચ્છા એટલા લોકોને ધારો એટલી વાર મોજમાં લાવી શકો. ભમરો હંમેશા હસતો હસતો ગુંજન કરતો હોય છે. મુસીબતમાં જે મુસ્કાય એને એના જીવનમાં આનંદ ક્યારેય ન સુકાય. ગમે તેવા મોટા દુખદર્દને રોકવાનું અનોખું ટોનિક એટલે હાસ્ય. મોટું દર્દ કોઈના માટે હસવાનું કારણ હોઈ શકે, પણ મોટું હાસ્ય કોઈના માટે દર્દનું કારણ ક્યારેય ન બનવું જોઈએ. અઢી અક્ષરનો શબ્દ 'પ્રેમ' જેમ યુનિવર્સલ લેંગ્વેજ છે. એમ અઢી અક્ષરનો શબ્દ 'સ્મિત' વિશ્વનો સૌથી આનંદદાયક 'કોન્સેપ્ટ' છે. સ્મિત એ વિના મૂલ્યે મળતી કિમતી પ્રોડક્ટ છે. જો એક મજાક ઉપર વારંવાર હસી ન શકાય તો પછી એક મુશ્કેલીને હંમેશા દિમાગમાં રાખીને રડતાં કેમ રહેવાય ? રડવા માટે કારણો શોધવા કરતાં સ્મિતના માર્ગો પકડવા જોઈએ. કોઈ ઘટનાને આપણે સ્મિત સાથે આનંદપૂર્વક જોઈએ છીએ કે રોદણાં રડીને દુખી થઈએ છીએ એ સંપૂર્ણપણે આપણી ઉપર અવલંબીત છે.

જો તમને લાગે કે જીવનમાં કોઈપણ પ્રશ્ન જ નથી તો પછી કોઈ ચિંતા જ નથી. જો મુશ્કેલી છે અને એને નિવારવા માટેના કોઈ ઉપાય તમારી પાસે નથી તો પછી ચિંતા કરવાથી શો ફાયદો. 'ચિંતા' ઉપરથી અનુસ્વાર કાઢી નાખીએ તો 'ચિતા' થઈ જાય. ચિતા શરીરને એક વાર બાળે છે, જ્યારે ચિંતા વારંવાર, સતત માણસને બાળતી રહે છે. ફરક તો માત્ર એક અનુસ્વારનો છે પણ બન્ને શબ્દોની અનુભૂતિમાં આસમાન જમીનનો ફરક છે. ચિંતાથી સ્મિતને બારગાઉનું છેટું છે. ઓબ્વિયસલી, તમારી ફેસ વેલ્યુને ઘટાડવામાં ચિંતા બહુ મોટો ભાગ ભજવે છે. ઘણી વાર એવું બનતું હોય છે કે તમારી સાથે બેસવાવાળા તમારી પાછળ મન ભરીને તમારી ખોદણી કરતા હોય. તમારો એના પર કોઈ કંટ્રોલ નથી. મારી ખોદણી કરતાં હશે, એવા વિચારોની ચિંતાના પરિણામે ચહેરાનું હાસ્ય વિલાઈ જાય છે. આ પ્રકારની નકારાત્મકતા સ્મિતનો સૌથી મોટો દુશ્મન છે. જે તમારા હાથમાં નથી અને જેના ઉપર તમે કોઈ નિર્ણય લઈ શકવાના નથી એવી બાબતની ચિંતા કરતાં આવા વિચારો મનમાંથી હડસેલીને સ્માઈલને કેમ ન આવકારીએ ?

માનવીનું સૌથી મોટું આભૂષણ એનું સ્મિત છે. જે વ્યકિત બાળકની જેમ નિર્દોષતાથી હસી શકે છે. એના માટે જીવનમાં કોઈ હર્ડલ જ નથી. હસી શકનારની ખુશીમાં આત્મવિશ્વાસનો શ્વાસ હોય છે. એક નાનકડું સ્મિત મોટામાં મોટી ગાંઠ ખોલી નાખે છે. ખતરનાક અને ત્રાસજનક હાલતમાં પણ હાસ્યની કિલકારી મજબૂત અને મુલ્યવાન ઓજાર બનીને ઉભરી આવતું હોય છે. હમેશા મન, હૃદય અને આત્મા ત્રણેય એક સાથે બોલતા હોવા જોઈએ, ખુશ રહો, આબાદ રહો, હાસ્યની છોળો ઉડાડતા રહો.



**ધબકાર**

શાંતિની શરૂઆત એક નાનડી મુસ્કાનથી થતી હોય છે.